# વિપક્ષના નેતાપદે પરેશ ધાનાણી

**કોંગ્રેસના રાષ્ટ્રીય નિરીક્ષકો સાંજે રાહુલને મળ્યા : રાષ્ટ્રીય નિરીક્ષકોએ રજૂ કરેલા રિપોર્ટને લઇ હાઇકમાન્ડ દ્વારા નિર્ણય**



અમદાવાદ,તા.૬

છેલ્લા કેટલાક દિવસોથી જેની ભારે આતુરતાપૂર્વક રાહ જોવાઇ રહી હતી કે, તે ગુજરાત કોંગ્રેસપક્ષના નેતા એટલે કે, વિધાનસભામાં વિરોધપક્ષના નેતા તરીકે અમરેલીના યુવા ધારાસભ્ય પરેશ ધાનાણીની સત્તાવાર નિમણૂંક કરી હતી. પરેશ ધાનાણીની કોંગ્રેસ પક્ષના નેતા તરીકે જાહેર થતાંની સાથે જ ગુજરાત કોંગ્રેસમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો હતો. ધાનાણીના સમર્થકો અને ટેકેદારો દ્વારા તેમની નિયુકિતને ભારે ઉત્સાહ અને ઉજવણી સાથે વધાવી લેવામાં આવી હતી. ખાસ કરીને અમરેલી-સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના કાર્યકરો અને ધાનાણીના સમર્થકોએ ફટાકડા ફોડી તેમની નિમણૂંકને વધાવી હતી. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસપક્ષના નેતા(વિરોધ પક્ષના નેતા) તરીકે યોગ્ય ઉમેદવારની પસંદગીને લઇ કોંગ્રેસના રાષ્ટ્રીય નીરીક્ષકોએ તાજેતરમાં ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને ચૂંટાયેલા ધારાસભ્યો સાથે મેરેથોન અને વન ટુ વન બેઠકો યોજી હતી અને તેમના અભિપ્રાયો-સૂચનો મેળવ્યા હતા. ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ સાથે પણ આ મામલે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આજે સાંજે રાષ્ટ્રીય નીરીક્ષકો અશોક ગેહલોક અને ભંવર જિતેન્દ્રસિંહે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની તેમના નિવાસસ્થાને ખાસ મુલાકાત લીધી હતી અને તેમને ગુજરાતમાં કોંગ્રેસપક્ષના નેતા(વિપક્ષના નેતા) મુદ્દે વિગતવાર અહેવાલ સુપ્રત કર્યો હતો. રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય નીરીક્ષકો પાસેથી અહેવાલ અને ગુજરાતની સમગ્ર પરિસ્થિતિ તેમ જ રાજયની આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી, લોકસભાની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડી યથાવત

**નગરજનોને ઠંડીમાં હળવી રાહત પારો બે ડિગ્રી નીચે ઉતર્યો : તાપમાન ૧૦ ડિગ્રી : સવારે ભેજનુ પ્રમાણ ૮૮ ટકા પહોંચ્યુ : ઝાકળના લીધે ભીંજારો અનુભવાયો**



ગાંધીનગર તા ૬

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો કેર યથાવત છે. ઠંડીની ઋતુ આક્રમક બનતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ગગડયા બાદ આજે નગરજનોએ ઠંડીમાં અંશતઃ રાહત અનુભવી હતી. લઘત્તમ તાપમાન ૨ ડી ગ્રી ઉંચુ આવ્યુ હતુ. અલબત્ત ઠંડીનો પારો ૧૦.૨ ડીગ્રી રહયો હતો.

ગાંધીનગરને છેલ્લા ત્રણ દિવસથી કોલ્ડવેવે બાનમાં લેતા નગરનુ જનજીવન સુન્ન પડી ગયુ છે. ઠંડીનો પારો ૧૧.૨ ડી ગ્રી થી લઇ રોજ દોઢ ડી ગ્રી ગગડતા છેલ્લા ત્રણ દિવસમાં સિઝનની સૌથી વધુ ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ગઇકાલે લઘુત્તમ તાપમાન ૮ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ હાડ ધ્રુજાવતી ઠંડીનો અહેસાસ કર્યો હતો. આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન વિશેષ પ્રભાવિત થયુ છે. શહેરમાં સાંજ ઢળતા જ કરફયુ હોય તેમ સન્નાટો છવાઇ જાય છે. નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. ઠંડીના લીધે શાળાએ જતા વિદ્યાર્થીઓને અનુલક્ષી વાલીઓમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. બીજીતરફ ઠંડીનુ જોર વધતા શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. આજે પણ ઠંડીનુ જોર આમ તો યથાવત રહયુ હતુ. ઠંડીનો પારો ૧૧ ડી ગ્રી થી નીચે જ રહયો હતો. લઘુત્તમ તાપમાન આજે બે ડીગ્રી ઘટયુ હતુ. અલબત્ત લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાતા નગરજનોએ પ્રમાણમાં ઠંડીમાં રાહત અનુભવી હતી. મહત્તમ તાપમાન પણ ૨૬.૭ ડી ગ્રી રહયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે વધતા સવારે જાકળ પડી હતી. જેના લીધે નગરજનોએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો.

# શહેરમાં પલ્સ પોલિયો અભિયાન માટે ૧૦૫ બુથ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

આગામી ૨૮મી જાન્યુઆરીએ યોજાનાર પલ્સ પોલિયો અભિયાનમાં શહેરના ૦ થી ૫ વર્ષના ૨૬,૫૮૨ બાળકોને આવરી લેવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. ગોસ્વામીના જણાવ્યાનુસાર આ માટે કોર્પોરેશન વિસ્તારમાં ૧૦૫ બુથ ઉભા કરવામાં આવશે. ૭ ટ્રાન્ઝીસ્ટ ટીમ તથા ૪ મોબાઈલ ટીમ આ દિવસે કાર્યરત રહેશે.

**આ અભિયાન અંતર્ગત ૨૬,૫૮૨ બાળકોને આવરી લેવાશે**

ડૉ. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે ૧૦૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ આ અભિયાનમાં ફરજ બજાવશે. પ્રથમ દિવસે જે બાળકો છુટી જશે તેમને ૨૯ અને ૩૦ જાન્યુઆરી દરમ્યાન ઘરે ઘરે ફરીને આવરી લેવામાં આવશે. આ માટેનું સંપૂર્ણ આયોજન થઈ ચુક્યુ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આજે આ અંગે એક ખાસ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યુ હતુ કે આ અભિયાનને સફળ બનાવવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓની પણ મદદ લેવામાં આવશે તેમજ ૭મીથી શરૂ થતા ઈન્દ્રધનુષ અભિયાનની સાથે લોક જાગૃતિ પણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પ્રથમ જ દિવસે સારૂ કવરેજ થાય તે માટે ખાસ કંટ્રોલરૂમ પણ મનપાની કચેરીએ ઉભો કરવામાં આવશે. આ અભિયાન માટે આગામી દિવસોમાં લોકજાગૃતિ અંગે સ્વૈચ્છીક સંસ્થાઓ, સામાજિક સંગઠનો સાથે પણ અલગથી બેઠક કરવામાં આવશે.

# શહેરમાં રૂ ૭૯ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર લાઈન નંખાશે

**સે - ૧થી ૩૦માં સ્ટોર્મ વોટર લાઇન નાંખવા માટે દરખાસ્ત તૈયાર : તોતિંગ ખર્ચની બજેટમાં જોગવાઇ થાય બાદ તબક્કાવાર કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૬

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. દાયકાઓના અંતે શહેરના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવામાં આવી નથી. અંદાજિત શહેરના માત્ર સાત જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન છે. જયારે નગરના મુખ્યમાર્ગોને પણ સ્ટોર્મ વોટર હેઠળ આવરી લેવાયા છે. પરંતુ બાકી વિસ્તારમાં સ્ટોર્મ વોટરનુ કામ હાથ ધરવા માટે અગાઉ સર્વે હાથ ધરવા માટે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ.જેના રીપોર્ટના આધારે તંત્ર દ્વારા રૂ ૭૯ કરોડના ખર્ચે એક દરખાસ્ત તૈયાર કરીને વિભાગને સુપ્રત કરવામાં આવી છે. જો કે બજેટમાં જોગવાઈ થયા બાદ તબક્કાવાર સ્ટોર્મ વોટરલાઈનનુ કામ હાથ ધરાય તેવી સંભાવના છે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનો અભાવ છે. જો કે લાંબા સમયના અંતે પણ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના માત્ર સાત જ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે વરસાદી પાણીના નિકાલની લાઈન માટે તંત્ર દ્વારા અગાઉ બે વાર દરખાસ્ત કરવામાં આવી હતી .પરંતુ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ કરવુ મુશ્કેલ હોવાનુ પણ ધ્યાને આવતા આ મામલે શુ કરી શકાય તે માટે અભ્યાસ કરવા માટે પણ એજન્સીને કામ સોંપાયુ હતુ. સેકટરોમાં પાણી ગટરની લાઈન ઉપરાંત ટેલીફોન સહીત વિજજોડાણના કેબલ પણ પસાર થતા હોવાથી યુટીલીટીઝ લાઈનમાં ખલેલ ન પહોંચે તે મુજબ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા માટે એજન્સીએ સર્વે કર્યો હતો. જેમાં સેકટરોના આંતરિક વિસ્તાર ઉપરાંત રીંગ રોડને પણ આવરી લેવામાં આવ્યા છે. જયારે જવાબદાર એજન્સીએ આ રીપોર્ટ તંત્રને સુપ્રત કરી દીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૮ થી ૧૬ જાન્યુઆરી દરમ્યાન મિશન ઈન્દ્રધનુષનું અભિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૩૦૦થી વધુ બાળકો અને ૯૦ થી વધુ સગર્ભા બહેનોને મિશન ઈન્દ્રધનુષ હેઠળ આવરી લઈ રસીકરણ અભિયાનને સઘન બનાવવામાં આવશે.

મિશન ઈન્દ્રધનુષના ટાસ્કફોર્સની આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. જિલ્લામાં ચાલતી વિવિધ બાંધકામ સાઈટો, ઈંટોના ભઠ્ઠા પર કામ કરતા શ્રમજીવીઓના બાળકો જે રસીકરણ અભિયાનમાં છુટી ગયેલા છે તેમને આ ખાસ મિશનના અંતિમ તબક્કામાં આવરી લેવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીના જણાવ્યાનુસાર આવા બાળકો અને સગર્ભા બહેનો માટે ખાસ સર્વે તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. આ મિશન અંતર્ગત તા. ૮ થી ૧૬ જાન્યુઆરી દરમ્યાન આરોગ્યની ટીમ ત્યાં પહોંચી અને રસીકરણ અભિયાન અંતર્ગત સૌને રક્ષિત કરશે.



સાયન્સ - ટેકનોલોજી એક્ઝીબિશન : કડી કેમ્પસ ખાતે યોજાયેલ સાયન્સ અને ટેકનોલોજી એક્ઝીબિશન નિહાળવા વિદ્યાર્થીઓ મોટી સંખ્યમાં ઉમટે છે... વિવિધ સંશોધનને રજૂ કરતા પ્રયોગો અને પ્રોજેક્ટ ભારે આકર્ષણ જમાવી રહ્યા છે... વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ અવનવા પ્રોજેક્ટસ આવતીકાલની ઉજ્જવળતા રજૂ કરે છે...

# વિધાનસભાનું પ્રથમ સત્ર મહાત્મા મંદિરમાં યોજાશે

**સભ્યોની શપથવિધિ; અધ્યક્ષની ચૂંટણીની કામગીરી પ્રથમ સત્રમાં હાથ ધરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભાનુ પ્રથમ સત્ર ત્રિદિવસીય હશે અને તે મહાત્મા મંદિર ખાતે યોજાશે.

રાજ્યમાં નવી રચાયેલ ૧૪મી વિધાનસભાનુંપ્રથમ સત્ર વિધાનસભા સંકુલમાં નહિ પણ મહાત્મા મંદિર ખાતે મળશે. આ અંગે વિધાનસભા સચિવાલય દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

ત્રિદિવસીય સત્ર દરમ્યાન વિધાનસભાના નવા ચૂંટાઈને આવેલા સભ્યોનો શપથવિધિ સમારોહ થશે. જેમાં પ્રોટોમ સ્પીકર પહેલા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષો અને ઉપાધ્યક્ષો તેમજ વિપક્ષના નેતાને શપથ લેવડાવશે. આ પછી રાજ્યમંત્રીમંડળના સભ્યો અને ત્યારબાદ વિધાનસભા બેઠક ક્રમાંક આધારે સભ્યોના શપથ લેવડાવશે.

બીજા દિવસે વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી યોજવામાં આવશે. જેમાં જરૂર પડ્યે મતદાન પણ કરાવાશે. આ પછી નવા વરાયેલા અધ્યક્ષશ્રીને મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા તેમના સ્થાન સુધી દોરીને લઈ જશે. આ પછી અધ્યક્ષશ્રી તેમનો કાર્યભાર સંભાળશે.

ત્રીજા દિવસે બાકી રહેલા સભ્યોની શપથવિધિ બાદ ગૃહનું કામકાજ અનિશ્ચિત સમય સુધી મુલ્તવી રાખવામાં આવશે.

વિધાનસભાના આ સત્ર પૂર્વે રાજ્યના રાજ્યપાલશ્રી દ્વારા પ્રોટોમ સ્પીકરની નિયુક્તી કરી અને તેમને શપથ લેવડાવશે. આ પછી પ્રોટોમ સ્પીકર ધારાસભ્યોને શપથ લેવડાવશે.

વિધાનસભાનું કામ હાલ રિનોવેશનનું પૂરજોશમાં ચાલી રહ્યું છે અન તે ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયા સુધીમાં સંપન્ન થઈ જશે તેવુ અનુમાન છે. ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં વિધાનસભાનું બજેટ સત્ર મળશે.

# જિલ્લામાંથી ૧૩ હજાર વિદ્યાર્થીઓ ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં ધોરણ -૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનુ માત્ર દોઢ મહીના જેટલો જ સમય બાકી હોવાના લીધે વાલીઓ સહીત વિદ્યાર્થીઓ પરીક્ષા લક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. વિદ્યાર્થીઓ પણ પરીક્ષાને અનુલક્ષી તૈયારીમાં ગળાડુબ નોંધણી કરવામાં આવશે. ગત વર્ષ કરતા પરીક્ષાર્થીઓની સંખ્યામાં બે હજાર જેટલો ઘટાડો નોંધાયો છે. ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહ માટે

● અનુસંધાન પાન-૭ પર

## ગત વર્ષ કરતા બે હજાર વિદ્યાર્થીઓ ઓછા : પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ બોર્ડ અને વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે .ધોરણ -૧૦ માં ૨૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.જયારે પરીક્ષાના આડે હવે

આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ધોરણ -૧૦ માં પણ ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહ માટે પણ જિલ્લામાંથી ૧૩ હજાર પરીક્ષાર્થીઓ નોંધાયા છે. જે ગત વર્ષ કરતા બે હજાર ઓછા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

બન્યા છે. ધોરણ -૧૦ ઉપરાંત ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપશે. જો કે આગમી તા ૮ જાન્યુઆરી સુધી લેઈટ ફી લઈને

# રિવરફ્રન્ટ ખાતે પતંગોત્સવની તડામાર તૈયારીઓ આરંભાઈ

અમદાવાદ,તા.૬

સાબરમતી રિવરફ્રન્ટમાં કાઈટ ફેસ્ટિવલને લઈને તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી ચુકી છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ જોરદાર આયોજન કરવામાં આવી રહ્યું છે. એનઆઈડી પાસે સાબરમતી રિવરફ્રન્ટમાં પતંગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં કલાકારો અને કારીગરો તૈયારીમાં વ્યસ્ત બનેલા છે. રંગરોકાણ અને સજાવટની કામગીરી ચાલી રહી છે. પતંગ ઉત્સવમાં મોટી સંખ્યામાં પતંગબાજો ભાગ લેનાર છે જેમાં દર વર્ષની જેમ જ જુદા જુદા રાજ્યોના અને બહારના પતંગબાજો ભાગ લેવા માટે પહોંચનાર છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com